અપીલ અરજી નં.૩૦૮ તા .૨૯–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી એ.આર.ચાંદ
સામાવાળાઃ– ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)
ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર)
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી એ.આર.ચાંદની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ કઈ સક્ષમ સત્તા કેન્દ્ર સરકાર કે રાજય સરકારના ધોરણે અપાયેલ છે તેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૯)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૮/૨૦૧૧–૧૨

શ્રી એ.આર.ચાંદની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ કઈ સક્ષમ સત્તા કેન્દ્ર સરકાર કે રાજય સરકારના ધોરણે અપાયેલ છે તેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૯)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(ફા) અને જાહેર માહિતી અધિકારી(હિસાબી ખાતુ) ના પત્ર નં. એકા/ આરટીઆઈ / ૪૯ તા. ૩૦–૮–૧૧થી મુદ્દા નં.૪, ૫ અને ૮ પુરતા જ આંશીક, ખોટી, અધુરી અને ગેરમાર્ગે દોરતી માહિતી આપી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીના વિષય–વસ્તુની દફતરી હકીકતની નકલ/આધાર સહ રજુ કરવા તથા સાથે અને જાહેર માહિતી અધિકારી એકાઉન્ટ ધ્વારા મુદ્દા નં.૧ અને ૮નો પ્રત્યુત્તર તેમણે આપેલ હોવા છતાં જે ગણતરી અને વસુલાતને લગતો છે છતાં અન્ય જાહેર માહિતી અધિકારીને બાકીના મુદ્દા અંગે કયા સંદર્ભે તબદીલ કરેલ છે ? તે અંગે વાજબીપણું રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ / ૯૦૮ તા.૧૦–૧૦–૧૧ થી ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ) તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ ન હોઈ તે સ્પષ્ટ કરવા તથા સાથે આરટીઆઈ કાયદાની કલમ–૧૮(૧) 'ખ' અને 'ચ' નો તથા 'ઘ'નો ભંગ કેવી રીતે કયા મુદ્દા, કઈ માહિતી સંદર્ભે કરેલ છે ? તે આધાર સહ સ્પષ્ટ કરવા તેમજ આઠ મુદ્દા પૈકી કઈ માહિતી આંશીક,અધુરી અને ખોટી આપેલ છે ? તે મળેલ માહિતી પૈકી આધાર સહ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૪–૧૦–૧૧ ના રોજ પૂરક પત્ર તથા જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.એકા./આરટીઆઈ/૪૮ તા.૨૫–૮–૧૧ ના પત્રની નકલ તથા તે અંગે સેન્ટ્રલઝોનમાં નાણા ભર્યા અંગેની રસીદ નં.૪૯૭૧૭૬ તા.૨૬–૮–૧૧ ની નકલ હિસાબનીશ વિભાગ તરફથી પર્સોનલ ઓફિસર મહેકમ તથા ઓફિસર ઓન સ્પે. ડયુટી સ્મીમેરને કરેલ પત્ર વ્યવહારની નકલ તથા મુખ્ય હિસાબનીશ તરફથી ઓડીટ વિભાગ પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ, ઓ.એસ.ડી. સ્મીમેર મેડીકલ કોલેજને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી છઠા પગાર ધોરણ બાબતે કર્મચારીઓને અપાયેલ લાભો બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૮૧૨ તા.૧૨–૮–૧૧ થી નિયત સમય અવધિમાં મુખ્ય હિસાબનીશ હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે હિસાબી વિભાગ તરફથી પત્ર નં.એકા./એસ.આર/આરટીઆઈ/જાવક/૪૫ તા.૧૬–૮–૧૧ થી જાહેર માહિતી અધિકારી ઓડીટ વિભાગ, મધ્યસ્થ મહેકમ વિભાગ, ઓ.એસ.ડી. સ્મીમેરને આંશિક તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજીના માહિતી માંગતા મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ કઈ સક્ષમ સત્તા કેન્દ્ર સરકાર કે રાજય સરકારના ધોરણે અપાયેલ છે તેની માહિતીની નકલ. મુદ્દા નં.(૨) ૧૦–૧૮–૨૨ ના ઉચ્ચતર પગાર ધોરણના કિસ્સામાં કોર્પોરેશન અને ગુજરાત સરકાર ધ્વારા પગાર સુધારણા બાબતે બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈન જેનું સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા અમલ કરેલ હોય, તેની નકલ. મુદ્દા નં.(૩) ૧૦–૧૮ –૨૨ ના ઉચ્ચતર પગાર ધોરણમાં તા.૧–૧–૦૬ પછી ૧૮ વર્ષનો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ હોય અને હાયરગ્રેડ તા.૧–૭–૦૭ થી આપવાનો થતો હોય તેવા અને જેનો જુનો પગાર ધોરણ–૬૦૫૦ નો બેઝીક તા.૧–૮–૦૭ થી મળેલ હોય તેવા એસએમસીના

કર્મચારીની માહિતી. (નામ,કર્મચારી નંબર હોદ્દા, ખાતુ તેમજ છઠ્ઠા પગાર ધોરણમાં ફિક્ષેશન મુજબ કરેલ રીકવરીની રકમ સહિતની વિગત આપશો. ) મુદ્દા નં.(૪) છઠ્ઠા પગાર પંચ માટે સેન્ટ્રલ પે કમિશનની ભલામણ મુજબ રાજય સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈન જેનો અમલ સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનમાં કર્મચારીઓને છઠા પગાર પંચ મુજબ ચૂકવણી/ ગણતરી કરવા માટે અમલ કરેલ છે. તે સંદર્ભના ઠરાવો, પરિપત્રો નકલો આપશો. તેવા મુદ્દા નં.૪ ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હિસાબી તરફથી પાના નં.૧ થી ૧૪૯ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) ૧૦/૧૮/૨૨ ના ઉચ્ચતર પગાર ધોરણમાં ૧–૧–૦૬ પછી ૧૮ વર્ષનો પગાર ધોરણનો લાભ મળેલ હોય તે કિસ્સામાં 6th Pay Fixation ફોર્મની ચકાસણી બાબતે ફીક્ષ થતો બેઝીક બાબતે કોમ્પ્યુટર પ્રોગ્રામ સેટ કરવામાં આવેલ છે જે સેન્ટ્રલ પે કમિશન કે ગુજરાત સરકારશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોગ્રામીંગ મુજબ છે કે કોર્પોરેશન ધ્વારા અલાયદો પ્રોગ્રામીંગ કરી છઠ્ઠા પગાર પંચની ચૂકવણી કરવામાં આવેલ છે. તેની વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા ધ્વારા અલાયદો પ્રોગ્રામીંગ કરી છઠ્ઠા પગારપંચની ચૂકવણી કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ૧૦/૧૮/૨૨ ના ઉચ્ચતર પગાર ધોરણમાં તા.૧–૧–૦૬ પછી ૧૮ વર્ષનો ઉચચતર પગાર ધોરણનો લાભ મળેલ હોય તેવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકા ધ્વારા બહાર પાડવામાં આવેલ નિતિનિયમો તથા ઠરાવો પરિપત્રોની નકલો આપશો. મુદ્દા નં.(૭) ૧૮ વર્ષનો હાયરગ્રેડ તા.૧–૭–૦૭ ના રોજથી આપવાનો થતો હોય તેવા કિસ્સામાં બી.સી.એસ.આર તથા જી.સી.એસ.આર મુજબ કયા પ્રકારની જોગવાઈ લાગુ પાડવાની રહે છે તે બાબતમાં નિતિ નિયમોની નકલો આપશો. તેમજ કયા નિયમોને આધારે અમારા કિસ્સામાં ઓડિટ શાખાના તા.૧૮–૧૦–૧૦ ના રોજ સર્વિસબુકમાં કરવામાં આવેલ નોંધ મુજબ સદર કર્મચરીને તા.૧–૭–૦૭ ના રોજ ૬૨૦૦/– ની સામે છઠ્ઠા નવા પગારમાં એક જ ઈજાફો મળવા પાત્ર છે. સદર કર્મચારીને તા.૧–૭–૦૭ ના રોજ બે ઈજાફા મળેલ છે. જેથી વધુ ચૂકવાયેલ ઈજાફો તમામ ભથ્થા સહિત વસુલાત કરવાની રહેશે. ૧–૭–૨૦૦૭ ૬૨૦૦ ની સામે ૧૧૬૨૦/– મળવા પાત્ર, ૧–૭–૦૮ ૬૩૭૫ ની સામે ૧૨૧૦૦/– મળવા પાત્ર તે વસુલાત કયા નિતી નિયમોને આધારે કરેલ છે તેના નિયમોની વિગતવાર માહિતીની નકલ આપશો. મુદ્દા નં.(૮) અમારા જેવા સમાન પ્રકારના કિસ્સામાં અન્ય કર્મચારીઓની આવી પગાર વસુલાત કરેલ હોય તેની સંપૂર્ણ માહિતી આપશો. (નામ, કર્મચારી નંબર,હોદ્દો, ખાતુ રીકવરીની રકમની વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલના હિસાબીખાતાના રેકર્ડ પરથી લીંબાયતઝોનમાં ત્રીજી શ્રેણી કલાર્ક, શ્રીમતિ મંદાકિની ડી. મોદી કર્મ નં.૧૨૨૬૦ ની રીકવરી કરવામાં આવેલ છે. તેની માહિતીના પાના નં.૧ થી ૧૯ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) છઠ્ઠા પગાર પંચના પગાર ધોરણમાં ૧૦/૧૮/૨૨ માં ફકત ૧૮ વર્ષના જ મળતાં ઉચ્ચતર પગાર ધોરણ વખતે ધ્યાનમાં લેવા જોગ ઓટો કોમ્પ્યુટર પ્રોગ્રામ હિસાબી શાખા અને ઓડીટ શાખા મારફતે તૈયાર કરાવેલ હોય કોમ્પ્યુટર પ્રોગ્રામીગની ટેકનીકલ જાણકારી માટેના નિયમો સબંધિત સૂચનાઓ હિસાબી ઓડીટ ખાતાને પરિપત્રિત કરેલ હોવા છતાં કયા કારણોસર પગાર વસુલાત કરી એક ઈન્ક્રીમેન્ટ /ઈજાફો નીચે ઉતારેલ છે. તેની વિગતવાર માહિતી પૂરી પાડશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી હિસાબી વિભાગ તરફથી પત્ર નં.એકા./આરટીઆઈ/૪૯ તા.૩૦–૮–૧૧ થી મુદ્દા નં.૪,૫ અને ૮ ની માહિતી પૂરી પાડી તે અંગેના દસ્તાવેજ ફી અંગે પત્ર નં.એકા./ આરટીઆઈ/આ.નં.૪૮ તા.૨૫–૮–૧૧ થી પાના નંગ–૧૬૮ ના રૂા.૩૩૬ ભરપાઈ કરી મેળવવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે મુદ્દા નં.૪,૫ અને ૮ પૂરતા આંશિક ખોટા અને અધૂરી ગેરમાર્ગે દોરતી માહિતી આપી કાયદાનો ભંગ કરેલ છે તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને પત્ર નં.આરટીઆઈ સેલ / ૯૦૮ તા.૧૦–૧૦–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. અપીલના મુદ્દા નં.(૧) જે અંગે અરજદાર તરફથી પૂરક વિગતોમાં અરજદારે મુદ્દા નં.૪ અંગે ૧ થી ૧૪૯ નકલો તેમજ મુદૃ નં.૮ અંગે ૧ થી ૧૯ નકલો મળી કુલ ૧૬૮ નકલોની ફી પેટે રૂા.૨/– લેખે રૂા.૩૩૬/– વસુલ કરેલ છે. જેમાં ૯૩ પાનાની નકલો તદ્દન ખોટી, બિનજરૂરી અને વિનંતીના વિષયથી બિલકુલ વિપરીત પૂરી પાડી એટલે કે વધારાના રકમ પેટે ગેરવાજબી અને ખોટી રીતે કરી કાયદાની કલમ–૧૮(૧) ના પરંતુ ક (ધ) હેઠળના નિયમનો સરેઆમ ભંગ કરેલ છે. જેમાં અરજદારે ૨૨ નકલ – એકની એક માહિતી ડબલ –ડબલ નકલો આપેલ છે. ૩૯ નકલ – માંગેલ માહિતીના વિષય વસ્તુને સ્પર્શતી નથી બલ્કે એકંદરે તદ્દન બિન જરૂરી અને નકામી પણ છે. ૯ નકલ– આમોએ મુદ્દા નં.૮ થી અમારા કિસ્સા સાથે સમાનતા ધરાવતા અન્ય કર્મચારીઓની માહિતી માંગેલ તેની સાથે ખુદ અમારા કિસ્સાની વિગતો દર્શાવતી માહિતી પણ બિન જરૂરી રીતે પૂરી પાડેલ છે. ૩ નકલ– ખાતાકીય પ્રોસેસ માટેના કોરા પત્રકો છે જેની માહિતી અમોએ માંગેલ નથી છતાં બિન જરૂરી રીતે તેની નકલો આપેલ છે. ૨૦ નકલોમાં– નવી પગાર બાંધણી/ચૂકવણી અંગે અનુસરવા જોગ કાર્ય પધ્ધતિની સમજ પરિપત્રિત કરેલ હોવાનું પ્રથમદર્શી રીતે માલમ પડે છે પરંતુ તે તમામ નકલો પ્રમાણિત ઓફિસ રેકર્ડ હોય તેવું જણાતું નથી. કારણકે તમામ નકલોમાં પ્રસ્તુત સૂચનાઓ કોણે અને કયારે પરિપત્રિત કરી તે દર્શાવતી કોઈ વિગતો નથી. તેના ઉપર કોઈ પણ વિભાગમાં નોંધાયેલ હોવાના (ઈનવર્ડ/આઉટવર્ડ) નંબરો છપાયેલા બલ્કે તે તમામ ઉપર ઓથોરાઈઝ સહી પણ નથી અને સાથે તેમનું સ્ટેટસ અને વિભાગ દર્શાવતા સ્ટેમ્પ પણ મારેલ નથી બધુ કોરૂકટ છે.) આમ અરજદારે માહિતી નહીં મળ્યાની નહીં પરંતુ મળેલી માહિતી અંગેની રજૂઆત કરેલ છે. જે મુજબ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જેથી જે ભૌતિક સ્વરૂપમાં હોઈ તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો તે અંગેની તપાસણી મેળવી આપેલી માહિતીની ખરાઈ કરી શકે છે. મુદ્દા નં.૧ અને ૨ થી માંગેલ માહિતી નવા પગાર પંચના લાભની ચૂકવણી તેમજ ઉચ્ચતર પગાર ધોરણના લાભની ચૂકવણી બાબતોને સ્પર્શતી હોય તેવી તમામ કાર્યવાહી સૌ પ્રથમ હિસાબીશાખા એ જ કરવાની રહેતી હોય છે. જેમ કે ચૂકવણી બાબતે અનુસરવા જોગ કાર્ય પધ્ધતિ તૈયાર કરવી નિર્દિષ્ટ નિયમો અનુસાર સૂચનાઓ/આદેશો જારી કરવા અને તે મુજબ તંત્ર ગોઠવવાની વ્યાવસ્થા કરવી વિગેરે આમ બંને મુદ્દાઓ તેમના કાર્યક્ષેત્રમાં જ આવતા હોવા છતાં તેનો કોઈ જવાબ પાઠવેલ નથી. જેથી કાયદા મુજબ માહિતી આપવાનું નકારેલ હોવાનું સ્પષ્ટ થાય છે. ૧૮(૧)(ખ) અપીલના મુદ્દા નં.(૩) મુદ્દા નં.૩ અનુસાર તા.૧–૭–૦૭ થી ૧૮ વર્ષનો ઉચ્ચતર પગાર ધોરણના લાભ આપવા બાબતે અમોને પૂરી પાડેલ નકલોમાં સામેલ નાયબ હિસાબનીશશ્રીના તા.૧૪–૧૦–૧૦ ના પી.ઓ.શ્રી (મહેકમ) ને લખાયેલ પત્રમાં દર્શાવેલ અભિપ્રાય ધ્યાને લેતાં ઉચ્ચતર પગાર બાંધણી/ પગાર રીકવરી વિગેરેની તમામ કામગીરી પણ હિસાબીખાતાને સ્પર્શતી અને તે વિભાગ મારફત જ કરાતી હોવાનું સ્વયં સ્પષ્ટ થાય છે. છતાં તેનો કોઈ જવાબ કે માહિતી પાઠવેલ નથી. જેથી કાયદા મુજબ માહિતી આપવાનું નકારેલ હોવાનું સ્પષ્ટ થાય છે. કલમ–૧૮(૧)(ખ) (નાયબ હિસાબનીશશ્રીના તા.૧૪–૧૦–૧૦ ના પત્રની નકલ આંક ખ થી સામેલ છે. મુદ્દા નં.૪ મુદ્દા નં.૬ મુજબ તા.૧–૧–૦૬ થી નવા પગાર પંચના અમલ ટાણે તે પછી ૧૮ વર્ષનો ઉચ્ચતર પગાર ગ્રેડ મેળવનાર કર્મચારીઓની વિગતો અને નિયમોની માંગેલ માહિતી હિસાબીશાખામાં ઉપલબ્ધ હોય છે. કારણ કે આ અંગેની તમામ કાર્યવાહી પ્રથમથી જ સંલગ્ન તમામ વિભાગો, હિસાબીશાખાની સીધી દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ જ કરેલ છે. જેથી આ બાબતે પણ કોઈ જવાબ પાઠવેલ નથી. જેથી કાયદા મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. કલમ–૧૮(૧)(ખ) મુદ્દા નં.૫ મુદ્દા નં.૭ બાબતે૧૮ વર્ષનો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ તા.૧–૭–૦૭ થી આપવા બાબતે નાયબ હિસાબનીશશ્રી એ પોતાના ૧૪–૧૦–૧૦ તેમજ ૮–૧૨–૧૦ ના પત્રોથી નિયમોની જોગવાઈનું અર્થઘટન દર્શાવતો પોતાનો જે અભિપ્રાય પાઠવેલ તે અનુસંધાને અમોને એક ઈજાફો કાયમી ધોરણે નીચે ઉતારી તે મુજબ પગાર રીકવર કરવામાં આવેલ જેને ઓડિટશાખાએ પણ ત્યાર બાદ બહાલી આપી સેવાપોથીમાં તે મતલબની નોંધ કરેલ. (નાયબ હિસાબનીશશ્રીના તા.૧૪–૧૦–૧૦ તેમજ તા.૮–૧૨–૧૦ ના પત્રની નકલ આંક B.C થી સામેલ છે.).... ઉકત હકીકત ધ્યાને લેતાં મુદ્દા નં.૭ ની માહિતી પણ હિસાબીશાખાને જ લગતી હોવા છતાં પાઠવેલ પ્રત્યુત્તરમાં તેનો કોઈ ઉલ્લેખ નથી. જેથી કાયદા મુજબ માહિતી આપવાનું નકારેલ હોવાનું સ્વયં સ્પષ્ટ થાય છે. કલમ–૧૮(૧)(ખ) મુદ્દા નં.(૬) (ક) મુદ્દા નં.૭ બાબતે અમોએ અમારા કિસ્સા સાથે સમાનતા ધરાવતા અન્ય કિસ્સાઓની માહિતી માંગેલ જે અનુસંધાને એક કર્મચારીની માહિતી સાથે ખુદ અમારા કિસ્સાની માહિતીની નકલો પણ ખોટી અને બિન જરૂરી રીતે આપેલ છે. આમ તમામ માહિતી પાઠવી દીધેલ હોવાનું આભાસ માત્ર ઉભો કરી જવાબદારીમાંથી છટકી જવાનો ગંભીર પ્રયાસ કેરલ છે. અને ખોટી, અધૂરી અને ગેરમાર્ગે દોરતી માહિતી આપી કાયદાનો ભંગ કરેલ છે. કલમ–૧૮(૧)(ચ) (ખ) મુદ્દા નં.૮ ના જવાબમાં ૧૯ નકલો આપેલ છે જેમાં ૪ નકલો ડબલ ડબલ છે અને ૨ નકલો અન્ય બિન જરૂરી વિગતોની છે. મુદ્દા નં.૭ મુદ્દા નં.૯ મુજબ ખુદ હિસાબીશાખાએ તૈયાર કરેલ કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ ૧૮ વર્ષનો ઉચ્ચતર પગાર ધોરણ બાબતે અનુસરવા જોગ કાર્યપ્રણાલી સ્પષ્ટ દ્રષ્ટાંત સાથે જણાવેલ તેવા પ્રી –પ્રોગ્રામીંગ અનુસાર જ અમારી પગાર બાંધણી થયેલ અને તે મુજબ તફાવત પત્રક તૈયાર થયેલ. આમ છતાં નાયબ હિસાબનીશશ્રીના મનસ્વી ફતવાને આધારે એક ઈજાફો નીચે ઉતારી પાડી પગાર વસુલાતના લીધેલ પગલાના કારણો જાણવા માહિતી માંગેલ. જેની કોઈ માહિતી આપેલ નથી. જેથી કાયદા મુજબ માહિતી આપવાનું નકારેલ હોવાનું સ્વયં સ્પષ્ટ થાય છે. કલમ–૧૮(૧) (ખ) અપીલના મુદ્દા નં.(૮) ઉપર છણાવટ કર્યા મુજબ મુદ્દા નં.૧,૨,૩,૬,૭ અને ૯ ની જરૂરી માહિતી સ્પષ્ટપણે હિસાબીશાખાને જ લગતી હોવાનું સ્થાપિત થાય છે છતાં ખોટી રીતે અન્ય વિભાગોને તબદીલ કરી માહિતી આપવાની જવાબદારીમાંથી છટકી જવાનો ગંભીર પ્રયાસ કરેલ છે અને આમ કાયદાનો સરેઆમ ભંગ કરેલ છે. (નં.એકા.એસ.આર./આરટીઆઈ/જાવક/૪૫ તા.૧૬–૮–૧૧ ની નકલ આંક D થી સામેલ છે.

આમ અરજદારની મુળ અરજી સામે કરેલ અપીલમાં મુદ્દા નં.૪,૫ અને ૮ એકા. વિભાગ તરફથી આપવામાં આવેલ માહિતી બાબતે અપીલ અરજી કરેલ છે. તેમજ અરજદારે માંગેલ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી હિસાબનીશ જણાવેલ છે. જેથી હિસાબનીશ વિભાગે આપેલી માહિતીની નારાજગી બાબતે અરજદારને આપેલી નકલો બાબતે રહેલી છે. જેબાબતે અરજદારને અપીલના મુદ્દા નં.૧ માં ૯૩ નકલો તેમજ પૂરક માહિતીના મુદ્દા નં.૬ (ખ) માં ૬ નકલો બાબતે રજૂઆત કરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે અરજદારે મુદ્દા નં.૩ થી એસએમસીના નિર્દિષ્ટ કિસ્સાના સઘળાની માહિતી માંગેલ છે. તે ધ્યાને લેતાં મુદ્દા નં.૮ નો સંદર્ભ કરી ખોટી બીજાની માહિતી આપ્યાના અરજદારના દાવાને સમર્થન મળે નહીં પરંતુ જાહેર માહિતી અધિકારી હિસાબનીશ પક્ષે ફી ભરવા જણાવતો પત્ર તા.૨૫–૮–૧૧ અને માહિતી આપ્યાના પત્ર તા.૩૦–૮–૧૧ માં મુદ્દા નં.૩ નો ઉલ્લેખ કરેલ ન હોઈ તે બાબત તકરારી રહે. જેમાં અપીલના મુદ્દા નં. ૧ માં ૨૨ નકલ તેમજ ૬ (ખ) માં ૪ નકલ મળી કુલ ૨૬ નકલનું ડુપ્લીકેશન થયાનું જણાવેલ છે. જયારે અન્ય નકલોમાં બિન જરૂરી હોવાનો દાવો કરેલ છે. જે બાબતે અરજદારે માંગેલી નકલો સંદર્ભે દફતરી ઉપલબ્ધ જે સ્વરૂપમાં માહિતી હોય તે જ સ્વરૂપમાં કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ પૂરી પાડવાની હોય છે. આથી અરજદારનો તેવા પ્રશ્ન બાબતે આઉટવર્ડ ઈ. નં. સહી હોવાનું તથા પ્રમાણિત રેકર્ડ ન હોવાનું કાયદા સાથે સુસંગત નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારે પૂરક વિગતોમાં ૪,૫ અને

૮ સિવાય મુદ્દા નં.૧,૨,૩,૬ ,૭ અને ૯ બાબતે રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે મુળ અપીલમાં સદરહુ મુદ્દાઓ બાબતે અપીલ કરેલ જણાવેલ નથી. તે ધ્યાને લેતાં અરજદારની માંગણી વિવાદિત રહે કારણકે મુળ અપીલ તબકકે અરજદારે અન્ય મુદ્દાના જાહેર માહિતી અધિકારીને પક્ષકાર બનાવેલ નથી તેથી અપીલ તબકકે તેમને પક્ષકાર બનાવી શકાયા નથી. અરજદારે પાછળથી આ મુદ્દા અને તબદીલી ખોટી હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે તમામ માહિતી હિસાબીખાતા પાસે હોવાનો આગ્રહ પણ રાખેલ છે. પરંતુ હિસાબીખાતા તરફથી અરજદારની જાણ હેઠળ અન્ય વિભાગોને અરજી તબદીલ થયેલ છે તો તેવા વિભાગના જાહેર માહિતી અધિકારીને પક્ષકાર બનાવવાના રહે. તેમજ ઓડીટ વિભાગના સંદર્ભે અલાયદા અપીલ અધિકારી હોય તેટલા પૂરતી એપેલેટ ચીફ ઓડીટર ઓડીટ વિભાગને અપીલ કરવાની રહે. જે અરજદાર તરફથી થયેલ જણાતી નથી. અરજદારને હિસાબી સિવાયના અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. વધુમાં અરજદારનો મુળ હેતુ એક ઈજાફો કાયમી ધોરણે ઉતારી અને રીકવરી બાબતેનો રહેલો છે જેમાં અરજદારે ખુદ નાયબ હિસાબનીશના તા.૧૪–૧૦–૧૦ અને ૮–૧૨–૧૦ ના પત્રના નિયમોની જોગવાઈના અર્થઘટનને દર્શાવતા અભિપ્રાય પાઠવેલ તેવું પણ જણાવેલ છે અને જેને ઓડીટ શાખાએ બહાલી આપેલી સેવાપોથીમાં નોંધ કરેલ છે. આમ સમગ્ર કિસ્સો તકરાર નિવારણનો પણ પ્રથમદર્શી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુળ અપીલ તબકકે માત્ર મુદ્દા ૪,૫ અને ૮ માટે જ અપીલ કરેલ. તેમ છતાં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા જાહેર માહિતી અધિકારી સ્મીમેરને તબદીલ થયેલ અરજીઓ અન્વયે તેઓ તરફથી અરજદારની પૂરક વિગતોને ધ્યાને લઈ નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ તેમના વિભાગને સ્પર્શતી માહિતી પૂરી પાડવા અનુક્રમે પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેરને જણાવવામાં આવે છે.

અરજદારની આપેલી માહિતીની નકલો બાબતે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી હિસાબનીશ ધ્વારા આપેલ માહિતીના લાગત રેકર્ડનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતા)ને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૮ ની બેવડાયેલ ભલતી માહિતી અંગે મુદ્દા નં.૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી હિસાબનીશે આપેલ છે કે અન્ય જાહેર માહિતી અધિકારીએ તે ચકાસી જો મુદ્દા નં.૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી હિસાબીએ આપેલ ન હોય તો તેટલા પૂરતી અરજદારને કલમ–૭(૩) હેઠળની વધુ ફી લેવાની ફરીયાદને સમર્થન મળે તેથી તે ચકાસી જો મુદ્દા નં.૩ ની માહિતીનો સમાવેશ હિસાબી માહિતીના તા.૩૦–૮–૧૧ ના પત્રમાં તથા વિગતમાં થયેલ ન હોય તો તેટલી નકલની ફી પુનઃ ચકાસી અરજદારને પરત કરવા અથવા અરજદારને હકીકતથી અવગત કરવા ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી હિસાબીખાતાને જણાવવામાં આવે છે.

વધુમાં આ સિવાય અરજદાર અન્ય કોઈ ઓડીટ વિભાગને લગતી માહિતીની નારાજગી અંગે અરજદાર ઈચ્છુક હોય તો મુખ્ય અન્વેષક અને એપેલેટ ઓફિસરને અલાયદી અપીલ કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(ફા.)અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ), ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી એ.આર.ચાંદ,